Monthly Newsletter

અંક : ૧૫

૧૦ જૂન ૨૦૧૭

# સંગઠિત અવાજ

Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

## જિલ્લા સ્તરે વિશેષ કામગીરી

- કચ્છ જિલ્લામાં જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સમાજ સુરક્ષા ખાતુ તેમજ કચ્છ એન.પી.+ના કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં વિહાન પ્રોગ્રામ ટીમના સફળ આયોજન હેઠળ ૮૮ બાળકોને શિષ્યવૃતિના ચેકનું વિતરણ કરવામાં આવ્યું.
- આણંદ જિલ્લામાં રોટરી કલબના સહયોગથી આણંદ એન.પી.+ની વિહાન કાર્યક્રમના લાભાર્થી એવા ૩૦ જરૂરીયાતમંદ એચ.આઇ.વી. પોઝીટીવ વિધવા બહેનોને ન્યુટ્રીશન કીટ વિતરણ થયું.
- ‘વિશ્વ પરિવાર દિવસ’ નિમિત્તે પાટણ જિલ્લા સંગઠન વિહાન ટીમ દ્વારા એચ.આઇ.વી. સાથે જીવતા લોકો સાથે કરવામાં આવી. જે અંર્તગત કેમ્પનું આયોજન કરી ૨૭ લાભાર્થીઓને તબીબી સહાય યોજના સાથે જોડવામાં આવ્યા. જામનગરમાં આ દિવસ નિમિત્તે ૮૩ લાભાર્થીઓને આધારકાર્ડ કાઢી આપવામાં આવ્યા. રાજકોટ જિલ્લા સંગઠન આર.ડી.એન.પી.+ દ્વારા ૯૦ લાભાર્થીઓને તબીબી સહાય સાથે જોડવા માં આવ્યા.

## કોમ્યુનીટી સીસ્ટમ સ્ટ્રેન્ધન વર્કશોપ

જી.એસ.એન.પી.+ અમદાવાદ બ્રાન્ચ ઓફિસ ખાતે તારીખ ૩૦મી મેના રોજ ગુજરાતના જિલ્લા સંગઠન પ્રતિનિધિઓ સાથે ‘કોમ્યુનીટી સીસ્ટમ સ્ટ્રેન્ધન’ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લા સંગઠન દ્વારા અમલકૃત વિહાન કાર્યક્રમની ગત એક વર્ષની પ્રગતિ અંગેની રજૂઆત કરવા માં આવી. જેના અનુસંધાનમાં જિલ્લા સંગઠન હજૂ વધુ કઇ રીતે સક્ષમ બની શકે તે અંગે સમૂહમાં ચર્ચા વિચારણા કરવામાં આવી. રાજય સ્તરીય કર્મચારીગણ તરફથી આવશ્યક તકનીકી સહયોગ અંગે પણ પ્રતિભાવ મેળવવામાં આવ્યા. મોટીવેશનલ વિડીયો દ્વારા ઉપસ્થિત સભ્યોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું. જી.એસ.એન.પી.+ દ્વારા સંચાલીત બે ખાસબાળગૃહને વધુ સુચારુરૂપે જાળવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી. હાલના સમયમાં હિમાયતની આવશ્યકતા, અસરકારક સંચાર પ્રણાલી, જિલ્લા સંગઠનની સક્ષમતા, ફંડ રેઇઝીંગ જેવા મહત્વના મુદ્દાઓ કેન્દ્રમાં રાખી જૂથ પ્રવૃતિ કરવામાં આવી હતી. ઉપસ્થિત સભ્યો માટે પરિવર્તન ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા શરૂ કરવામાં આવેલ કેટરીંગ સર્વિસ દ્વારા રાહતદરે ભોજન પુરું પાડવામાં આવ્યું હતું.

## વિશ્વ તંબાકું નિષેધ દિવસ

રાજય કક્ષાના ટીબી અને તંબાકું નિષેધ વિભાગના સહયોગથી ‘વિશ્વ તંબાકું નિષેધ દિવસન’ના અનુસંધાને જિલ્લા સ્તરે આયોજીત વિવિધ કાર્યક્રમોમાં ગુજરાતના તમામ જિલ્લા સંગઠનના સંચાલનમાં વિહાન કાર્યક્રમના કર્મચારીઓ દ્વારા સહભાગીતા દાખવવામાં આવી હતી. એચ.આઇ.વી. સાથે જીવતા લોકોને તંબાકુના વ્યસનના કારણે થતા કેન્સર અને ટીબી જેવા જીવલેણ રોગો વિશે માહિતી આપવામાં આવી.

## કેસ સ્ટડી: નવો અવતાર...

હું બનાસકાંઠા જિલ્લાનો રહેવાસી છું. યુવાન વયે કમાણી કરવા મેં મુબઇનો રસ્તો પકડયો. પણ મુંબઇની મોજશોખમાં હું ખોવાઇ ગયો. આઠ વર્ષ બાદ ઘરે પાછો આવ્યો. અને મારા લગ્ન કરી દેવામાં આવ્યા. બે વર્ષ બધું સારું ચાલ્યું પરંતું ત્યારબાદ અવાર નવાર મારી તબિયત ખરાબ થવા લાગી. એક વખત ગંભીર બિમાર થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. અને લોહીનું પરિક્ષણ થતા એચ.આઇ.વી. પોઝીટીવ રીપોર્ટ આવ્યો. મારી જીંદગીમાં અણધાર્યો બદલાવ આવ્યો. પણ મારી પત્નીએ અને પરિવારનો સહકાર હંમેશા રહ્યો. થોડા સમય બાદ મને સારું આરોગ્ય લાગતા, રોજ રોજ એઆરવી ગોળી લેવાનું ભારરૂપ લાગ્યું. અને મેં દવા લેવાનું બંધ કર્યું. જેની જાણ બનાસ એન.પી.+ના વિહાન કાર્યક્રમને થતા આઉટરીચ વર્કર બહેન મારી ઘરે આપી દવા ફરી પાછી ચાલું કરવા સમજાવ્યું. ફરી દવા શરૂ કરાવવા અમુક મહત્વના ટેસ્ટીંગ રીપોર્ટ માટે મારી પાસે પૈસા ન હતાં. ત્યારે મારી પત્ની બનાસ એન.પી.+ની ઓફિસે ગઇ. ત્યાંથી દાતા દ્વારા મને આર્થિક સહયોગ મળતા મારા રીપોર્ટ થયા અને ફરી એઆરવી દવા શરૂ કરી. તે દિવસથી આજ દિન સુધી હું આ દવાને ચોક્કસ સમયે નિયમિત લઇ સ્વસ્થ જીવન જીવું છું. બનાસ એન.પી.+ના સહયોગથી મને નવો અવતાર મળ્યો છે. જે માટે મારી પાસે આભાર માનવા શબ્દો જ નથી, માત્ર મારા શરીરમાં ધબકતા શ્વાસ જ એનો પ્રતિભાવ છે.

## ધાર્મિક આગેવાનો અને એચ.આઇ.વી. જાગૃતિ

સુરેન્દ્રનગર જિલ્લા સંગઠન એસ.ડી.એન.પી.+ વિહાન દ્વારા સાયલા ખાતે આવેલ લાલજી મહારાજની જગ્યામાં ધાર્મિક આગેવાન દુર્ગાદાસબાપુ, માધવદાસ બાપુ તથા રાજૂદાસ બાપુ સાથે એક મિટિંગ કરવામાં આવી. એલ.એફ.યુ. થઇ રહેલ કિસ્સામાં ભગતભૂવા, દોરા ધાગા કે બાધા માનતા જેવી અંધશ્રધ્ધાના કારણે એ.આર.ટી. દવા છોડી દેનાર લોકોનું વધુ પ્રમાણ જણાતા જાગૃતિ હેતુ ધાર્મિકગુરુની સામેલગીરી હેતુ આ મિટિંગ કરવામાં આવી હતી. એચ.આઇ.વી. સાથે જીવતા લોકોની વિવિધ સમસ્યાઓની માહિતી મેળવ્યા બાદ બાપુ દ્વારા યતકિંચિત સહયોગ આપવાની ખાતરી મળી છે. પોતાના ધાર્મિક પ્રવચન દરમ્યાન એચ.આઇ.વી.ના મુદ્દા પર પણ જરૂરી માહિતી તેમજ આઇ.ઇ.સી. સાહિત્ય વિતરણ કરવાં માં આવશે તેમ જણાવ્યું હતું.